અપીલ અરજી નં.૧૩ તા.૧૩–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની આઈ ડી.નં.૧૪૦૪ તા.૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ સર્વે નં.૯૨૨ પૈકી વાળી જગ્યા પર થયેલ બાંધકામ કાયદેસર છે ?પ્લાન કોના નામે પાસ થયું? અને કયા અધિકારીએ પાસ કર્યુ ?તારીખ સહિતની માહિતી. જગ્યા ધાર્મિક ટ્રસ્ટ કે પ્રાઈવેટ તે અંગેની માહિતી, નોંધ નંબર અને ગેરકાયદેસર બાંધકામ કેટલું? વિગેરેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૩–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૩/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની આઈ ડી.નં.૧૪૦૪ તા.૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ સર્વે નં.૯૨૨ પૈકી વાળી જગ્યા પર થયેલ બાંધકામ કાયદેસર છે ?પ્લાન કોના નામે પાસ થયું? અને કયા અધિકારીએ પાસ કર્યુ ?તારીખ સહિતની માહિતી. જગ્યા ધાર્મિક ટ્રસ્ટ કે પ્રાઈવેટ તે અંગેની માહિતી, નોંધ નંબર અને ગેરકાયદેસર બાંધકામ કેટલું? વિગેરેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬ તા.૬–૪–૦૯ ના જવાબના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪ તા.૨૨–૪–૦૯થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન તથા અરજદારને તા.૬–૪–૦૯ ના રોજ મળેલ જવાબ ખોટો આપેલ હોઈ સદર જગ્યા ગુલેગુલઝારબાબાની દરગાહની ટ્રસ્ટની જગ્યા છે જેના પર ત્રણ માળનું બાંધકામ કરવામાંઆવેલ છે વિ. અંગે આધાર પુરાવા કે વાજબીપણા રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૩ તા.૮–૫–૦૯ થી પુરક માહિતી પુરી પાડવામાં આવેલ. જયારે અરજદાર તરફથી કોઈ આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ સર્વે નં.૯૨૨ પૈકી વાળી જગ્યા પર થયેલ બાંધકામ કાયદેસર છે પ્લાન કોના નામે પાસ થયું ? અને કયા અધિકારીએ પાસ કર્યુ ?તારીખ સહિતની માહિતી ,જગ્યા ધાર્મિક ટ્રસ્ટ કે પ્રાઈવેટ તે અંગેની માહિતી, નોંધ નંબર અને ગેરકાયદેસર બાંધકામ કેટલું? વિગેરેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.૧૬ તા.૬–૪–૦૯ થી માહિતી આપેલ હોવાનું જણાય છે. જેમાં વોર્ડ નં.૯૨૨ વાળી જગ્યા પર ચાલતાં નવા બાંધકામ અંગેની માહિતી માંગેલ છે. પરંતુ હકીકતનાં ૭/૯૨૨ વાળી જગ્યા પર કોઈપણ પ્રકારનું નવું બાંધકામ તાજેતરમાં થયેલ હોવાનું જણાયું નથી. સ્થળ પરનું બાંધકામ વર્ષો જુનું હોઈ આપે માંગેલ માહિતી અત્રેના રેકર્ડ પર હોવાનું જણાયુ નથી. તેવો પ્રત્યુત્તર પાઠવેલ. અરજદારે અપીલ અરજીમાં આપેલ જવાબ ખોટો છે જે અંગે કોઈ આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરેલ નથી. અરજાદારને અપીલના તબકકે એવી દાદ માંગેલ છે કે સદર સ્થળ ઉપર અધિકારીઓ જઈ તપાસ કરવા છતાં માહિતી પૂરી પાડેલ નથી. જે બાબત માહિતી અધિકાર અધિનિયમની કલમ–૨(એફ) અને (જે) અનુક્રમે માહિતિ અને માહિતી અધિકારની વ્યાખ્યાના સંદર્ભ સાથે સુસંગત નથી. અધિનિયમની જોગવાઈ હેઠળ જાહેર સત્તા મંડળ પાસે અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૈકીની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. અરજદારે અપીલ બાબતે સમર્થનમાં કોઈ આધાર કે પુરાવા રજુ કરેલ જણાતા નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૩–૦૯ની મૂળ અરજી પૈકી જાહેર માહિતી કક્ષાએથી ફરીયાદની હકીકતમાં ઉપર નિર્દિષ્ટ વિગતે ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જેથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે. તેમ છતાં માહિતી અધિકાર અધિનિયમમાં મૂર્તિમંત થયેલ પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાની ભાવનાને ધ્યાને રાખતા જો અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરી કામકાજના સમય દરમ્યાન દિન–૭માં બાબતે હેઠળની મિલ્કતને લગતા દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે અને તેમની મૂળ અરજીના પરિપ્રેક્ષમાં તે પૈકીની માહિતી મેળવી શકે છે જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદનુસાર અમલવારી કરવા શહેર વિકાસ અધિકાર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ ચોકબજાર, સાગર હોટલની પાસે, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.